॥ રોકાણકારોની શ્રધ્ધા અટૂટ અને વિશ્વાસનું પ્રતિક ॥
ઇન્વેસ્ટમેન્ટ પ્રોફાઇલર
Stock Market Trading Consultancy
www.nikhilbhatt.in
નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808

નિફ્ટી ફ્યુચર ૨૩૦૦૮ પોઈન્ટ ઉપર તેજી યથાવત રહેશે...!!

સ્થાનિક/ વૈશ્વિક પરિબળોની વાત કરીએ તો.... ચીન અને અમેરિકા વચ્ચે ટ્રેડવોરની સ્થિતિ સતત વણસી રહી હોવાથી વૈશ્વિક અનિશ્ચિતતા સામે ટ્રમ્પ દ્વારા ૭૦થી વધુ દેશોને રેસિપ્રોકલ ટેરિફના અમલીકરણમાં ૯૦ દિવસની રાહત આપતાં વૈશ્વિક બજારોમાં આકર્ષક ઉછાળા સાથે આજે સપ્તાહના બીજા દિવસે ભારતીય શેરબજારની શરૂઆત પણ નોંધપાત્ર ઉછાળા સાથે થઇ હતી. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ તેમની આકરી ટેરિફ નીતિના નિર્ણયોને પરિણામે સ્થાનિક સ્થળે જ કોર્પોરેટ અમેરિકા અને લોકોના આકરાં વિરોધનો સામનો કરવાનો વખત આવતાં હવે રોલબેક કરવાની પડી રહેલી ફરજના પોઝિટીવ પરિબળે વૈશ્વિક બજારોમાં આજે સાર્વત્રિક સુધારો જોવાયો હતો.

વૈશ્વિક શેરબજારની વાત કરીએ તો ગઈકાલે અમેરિકન માર્કેટમાં ડાઉ જોન્સ ૦.૦૭%ના વધારા સાથે બંધ રહ્યો હતો. જ્યારે એસ એન્ડ પી ૫૦૦ ૦.૭૯% અને નેસ્ડેક ૦.૬૪% વધીને સેટલ થયા હતા. બીએસઈ પર મીડકેપ ઈન્ડેક્સ ૧.૬૪% અને સ્મોલકેપ ઈન્ડેક્સ ૧.૩૪% વધીને ટ્રેડ થઈ રહ્યા હતા. વિવિધ સેક્ટરલ ઈન્ડાયસીસની વાત કરીએ તો બીએસઈ પર કેપિટલ ગુડ્સ, ઓટો, ફાઈનાન્શિયલ સર્વિસીસ, બેન્કેક્સ, ઈન્ડસ્ટ્રીયલ્સ અને એફએમસીજી શેરોમાં ભારે લેવાલી જોવા મળી હતી, જ્યારે અન્ય બીજા તમામ સેક્ટરલ ઈન્ડાયસીસ પણ વધારા સાથે કારોબાર કરી રહ્યા હતા.

બીએસઈમાં સવારે ૧૦ કલાકે કુલ ટ્રેડીંગ થયેલી ૨૮૯૩ સ્ક્રિપોમાંથી ઘટનારની સંખ્યા ૩૫૬ અને વધનારની સંખ્યા ૨૩૮૪ રહી હતી, ૧૫૩ શેરના ભાવમાં કોઈ ફેરબદલ જોવાયો ન હતો. જ્યારે ૪૬ શેરોમાં ઓનલી સેલરની મંદીની નીચલી સર્કિટ સામે ૧૧૧ શેરોમાં ઓનલી બાયરની તેજીની ઉપલી સર્કિટ રહી હતી.

બજારની ભાવિ દિશા.... મિત્રો, અમેરિકાના ટેરિફના પરિણામે વિશ્વ મહા વેપાર યુદ્ધમાં હોમાયું છે. અમેરિકામાં આયાત પર વિશ્વના અનેક દેશો પર આકરાં ટેરિફ લાગુ કરનાર ડોનાલ્ડ ટ્રમ્પના આકરાં વલણ સામે જેવા સાથે તેવાની નીતિમાં ચાઈનાએ અમેરિકાથી થતી ચીજોની આયાત પર ૧૪૫% લાગુ કરવાનો નિર્ણય લેતાં અને યુરોપના દેશો પણ અમેરિકા સામે આકરાં ટેરિફ પગલાં લેવાની તૈયારીમાં હોવાના અહેવાલો પાછળ વૈશ્વિક શેરબજારમાં વેચવાલીના દબાણે ઝડપી પીછેહઠ જોવા મળી હતી. અમેરિકાની રેસિપ્રોકલ ટેરિફની વિશ્વ પર માઠી અસરની સાથે અમેરિકાનું અર્થતંત્ર પણ મોંઘવારી અને મંદીમાં સરી પડવાના અંદાજો વચ્ચે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ટેરિફ મુદ્દે ચીન સિવાય અન્ય ૭૫ જેટલા દેશો પર ઊંચા ટેરિફ દર ૯૦ દિવસ સ્થગિત રાખવાનો નિર્ણય જાહેર કરતાં વૈશ્વિક શેરબજારોમાં રીકવરી જોવા મળી હતી.

૨-એપ્રિલના ડોનાલ્ડ ટ્રમ્પે ફાર્માસ્યુટિકલ્સની આયાત પર રેસિપ્રોકલ ટેરિફ નહીં લાદીને બાકાત રાખવાના સંકેત આપ્યા બાદ હવે ટૂંક સમયમાં ટેરિફ લાદવાનું જાહેર કરવાના કરેલા નિવેદને અને અમેરિકાએ ચાઈના પર આકરાં ટેરિફ લાગુ કરતાં અને વળતાં ચાઈનાએ પણ અમેરિકા પર ટેરિફ લાદતાં વૈશ્વિક મેટલ વેપાર ખોરવાઈ જવાની દહેશત વચ્ચે લંડન મેટલમાં નોન-ફેરસ મેટલના ભાવો તૂટતાં અને ભારતના મેટલ આયાત માટેના ક્વોલિટી માપદંડો આકરાં હોવાનું કહી આંતરરાષ્ટ્રીય માપદંડો મુજબ આયાતની મંજૂરી આપવા ભારત પર દબાણ કરવાની શરૂઆત તમ જ ઓટોમોબાઈલ ક્ષેત્રે વાહનોની અમેરિકામાં આયાત પર આકરાં ટેરિફના પરિણામે ઓટો ઉદ્યોગમાં મંદીના ઓંધાણની શક્યતા જોવાઈ રહી છે.

એમસીએક્સ ગોલ્ડ : ઈન્ટ્રા ડે ટ્રેડીંગની શરૂઆતે જુન ગોલ્ડ રૂ.૯૩૪૯૬ પોઈન્ટના મથાળેથી ખુલીને રૂ.૯૩૪૯૬ પોઈન્ટના ઊંચા મથાળેથી ઘટાડો નોંધાવી રૂ.૯૩૨૬૭ પોઈન્ટના નીચા મથાળે નોંધાવી ૩૮ પોઈન્ટના ઉછાળા સાથે રૂ.૯૩૨૯૦ આસપાસ ટ્રેન્ડ નોંધાયેલ..!!

એમસીએક્સ સિલ્વર : ઈન્ટ્રા ડે ટ્રેડીંગની શરૂઆતે મે સિલ્વર રૂ. ૯૪૮૧૬ પોઈન્ટના મથાળેથી ખુલીને રૂ.૯૪૮૧૬ પોઈન્ટના ઊંચા મથાળેથી ઘટાડો નોંધાવી રૂ. ૯૪૫૪૨ પોઈન્ટના નીચા મથાળે નોંધાવી ૨૭૦ પોઈન્ટના ઘટાડા સાથે ૯૪૬૦૦ આસપાસ ટ્રેન્ડ નોંધાયેલ..!!

હવે જોઈએ ભારતીય શેરબજારની આગામી ટ્રેડીંગ સંદર્ભે સ્ટોક સ્પેશીફીક અંદાજીત રુખ

ગોદરેજ કન્ઝ્યુમર (૧૨૩૦) : ગોદરેજ ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૨૦૩ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૧૮૦ ના સ્ટોપલોસથી આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૨૪૭ થી રૂ.૧૨૬૦ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે...!! રૂ.૧૨૭૩ ઉપર તેજી તરફી ધ્યાન...!!

અદાણી પોર્ટ્સ (૧૧૬૫) : ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૧૩૦ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ...!! રૂ.૧૧૧૭ ના સપોર્ટથી આ સ્ટોક રૂ.૧૧૮૮ થી રૂ.૧૨૦૮ ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!

ટાટા કન્ઝ્યુમર (૧૦૯૯) : રૂ.૧૦૭૩ નો પ્રથમ તેમજ રૂ.૧૦૪૦ બીજા સપોર્ટથી ટી એન્ડ કોફી સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૧૧૨૩ થી રૂ.૧૧૩૦ સુધીની તેજી તરફી રુખ નોધાવશે...!!

ઓરબિન્દો ફાર્મા (૧૦૮૯) : ફાર્મા સેક્ટરનો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૧૧૦૩ થી રૂ.૧૧૧૨ ના ભાવની સંભાવના ધરાવે છે!! અંદાજીત રૂ.૧૦૪૭ નો સ્ટોપલોસ ધ્યાને લેવો...!!!

એક્સિસ બેન્ક (૧૦૭૩) : રૂ.૦૨ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૧૦૨૭ સ્ટોપલોસ આસપાસ પ્રાઈવેટ બેન્ક સેક્ટરનો આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૧૦૮૮ થી રૂ.૧૧૦૩ આસપાસ ભાવ દર્શાવે તેવી સંભાવના છે...!!!

લેખક સેબી રજીસ્ટર્ડ રિસર્ચ એનાલીસ્ટ અને ઇન્વેસ્ટમેન્ટ પોઈન્ટના પ્રોપરાઈટર છે.

ખાસ નોંધ: ડિસ્કલેમર/પોલિસી/શરતો www.nikhilbhatt.in ને આધીન

અમરનાથ યાત્રા માટે રજિસ્ટ્રેશન શરૂ:

જામનગરની પંજાબ બેંકમાં અરજદારો ઉમટી પડતા ભારે હોબાળો

(તસ્વીર: પરેશ કલીચા)

જામનગર તા. ૧૫: જામનગરની પંજાબ બેંકમાં આજથી અમરનાથ યાત્રા માટેનું રજિસ્ટ્રેશન શરૂ થયું છે, પરંતુ ભારે ગીર્દી હોવાથી બેંકમાં અફરાતફરીનો માહોલ જોવા મળતો. અરજદારો કરતા રજિસ્ટ્રેશન ઓછું થતું હોવાથી હોબાળો મચી જવા પામ્યો હતો.

પ્રતિવર્ષ અમરનાથજી યાત્રા યોજાય છે. તેના માટે રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે. જામનગરમાં આજથી પંજાબ બેંકમાં રજિસ્ટ્રેશન કામગીરીનો પ્રારંભ થયો છે.

જામનગરમાં દરરોજ માત્ર ૨૫ લોકોની જ નામનોંધણી થાય છે. જ્યારે આજે પ્રથમ દિવસે જ ૨૦૦ થી ૨૫૦ લોકો રજિસ્ટ્રેશન માટે આવ્યા હતાં.

આમ માત્ર ૨૫ લોકોનું જ રજિસ્ટ્રેશન થતું હોય, જે સંખ્યા ઘણી ઓછી છે. આથી ક્વોટાની સંખ્યા વધારવાની ખાસ જરૂર છે. આજે પણ અરજદારોની સંખ્યા વધુ હોવાથી બેંકમાં હોબાળો મચી જવા પામ્યો હતો.

આ ઉપરાંત બેંકમાં મહિલા-પુરુષો માટે અલગ લાઈનની વ્યવસ્થા નથી. આથી માથાકુટો થઈ રહી છે. સતવરે રજિસ્ટ્રેશનનો ક્વોટા વધારી વ્યવસ્થા સુધારવી જોઈએ તેવી લોકમાંગણી ઊઠવા પામી છે.

બાવરીવાસમાં ઝૂંપડાઓમાં પોલીસે કર્ફ્યૂ ચેકીંગ

(તસ્વીર: નિર્મલ કારીયા)

જામનગરના દિગ્જામ વુલન મીલ વિસ્તારમાં આવેલા બાવરીવાસ સહિતના વિસ્તારોમાં પોલીસે કોમ્બિંગ હાથ ધર્યું હતું. જેમાં એક સાથે ૩૫ ઝૂંપડામાં ચકાસણી કરવામાં આવતા કેટલાક મહિલાઓ દેશી દારૂની ભઠ્ઠી ચલાવતા ઝડપાઈ ગયા હતા.

ફલ્લા: ડો. આંબેડકર જયંતીની ઉજવણી

(તસ્વીર: મુકેશ મોકરીયા)

ફલ્લામાં ડો. આંબેડકરની જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવી હતી. ફલ્લામાં બાબા સાહેબની પ્રતિમાને અગ્રણીઓના હસ્તે ફૂલહાર અર્પણ કરવામાં આવ્યા હતાં. ત્યાંથી રેલી યોજાઈ હતી. ગત્ રાત્રે ભજન સહિતના કાર્યક્રમો યોજાયા હતાં.

એક કમભાગી વૃદ્ધનું મૃત્યુ થયું:

લખનૌની લોકબંધુ હોસ્પિટલમાં આગ લાગતા અફરાતફરી: ૨૦૦ દર્દીઓને બચાવાયા

લખનૌ તા. ૧૫: લખનૌની હોસ્પિટલમાં આગ લાગતા ૨૦૦ દર્દીઓનું રેસ્ક્યુ કરાયું હતું, જ્યારે ૧ નું મોત થયું હતું. રાત્રે હોસ્પિટલમાં આગ લાગી હતી, જેના કારણે અરાજકતા ફેલાઈ ગઈ હતી.

ગતરાત્રે લખનૌની લોકબંધુ હોસ્પિટલમાં લાગેલી આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો છે. આગ પછી ૨૦૦ દર્દીઓને અલગ અલગ હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા હતાં અને આ દરમિયાન ઓક્સિજન સપ્લાય બંધ થવાને કારણે એક વૃદ્ધ દર્દીનું મૃત્યુ થયું હતું.

ગઈકાલે રાત્રે હોસ્પિટલમાં આગ લાગી હતી, જેના કારણે અરાજકતા ફેલાઈ ગઈ હતી. આગ પાછળનું કારણ જાણી શકાયું નથી. ફાયરબ્રિગેડની ઘણી ગાડીઓ ઘટના સ્થળે પહોંચી ગઈ અને દર્દીઓને વોર્ડમાંથી બહાર કાઢવામાં આવ્યા. આગને કારણે હોસ્પિટલની આખી ગેલેરી ધૂમાડાથી ભરાઈ ગઈ હતી.

લોકબંધુ હોસ્પિટલના મેડિસિન્ટેન્ડન્ટ ડો. અજય શંકર ત્રિપાઠીએ જણાવ્યું હતું કે, સોમવારે રાત્રે લગભગ ૧૦ વાગ્યાની આસપાસ આગ લાગી હતી. અત્યાર સુધીની તપાસમાં આગનું કારણ શોર્ટસર્કિટ હોવાનું જણાવવામાં આવી રહ્યું છે. પરિસ્થિતિ નિયંત્રણમાં છે.

આગની માહિતી મળતા જ ડેપ્યુટી સીએમ બ્રજેશ પાઠક ઘટના સ્થળે પહોંચ્યા હતાં, જ્યારે મુખ્યમંત્રી યોગીએ અધિકારીઓ પાસેથી ઘટનાની માહિતી લીધી હતી. બ્રજેશ પાઠકે જણાવ્યું હતું કે, દર્દીઓને કેજીએમયુ, બલરામપુર અને સિવિલમાં દાખલ કરવામાં આવ્યા છે. ગંભીર દર્દીઓને કેજીએમયુના વોર્ડમાં દાખલ કરવામાં આવ્યા છે. બાકીના લોકોને સિવિલ અને બલરામપુરમાં દાખલ કરવામાં આવ્યા છે. આગને કારણે વીજળી ગુલ થઈ ગઈ હતી. જનરેટરનો ઉપયોગ કરીને અગ્નિશામક અને લઈટીંગની વ્યવસ્થા કરવામાં આવી હતી.

ડીસીપી સાઉથ નિપુણ અગવાલે જણાવ્યું હતું કે, કાનગર પોલીસ સ્ટેશનને માહિતી મળી હતી કે લોકબંધુ હોસ્પિટલમાં આગ લાગી છે. માહિતી મળતા જ ફાયરબ્રિગેડ અને સિવિલ પોલીસ પૂરતી સંખ્યામાં પહોંચી ગયા. આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો છે. હોસ્પિટલમાં દાખલ લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા છે અને સારવાર માટે હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા છે. આગ લાગવાના કારણની તપાસ કરવામાં આવી રહી છે. હોસ્પિટલના સ્ટાફે સીએમએસ અને અન્ય અધિકારીઓને આગ વિશે જાણ કરી. આ પછી ફાયરબ્રિગેડને બોલાવવામાં આવી. બધે ચીસો અને બૂમો પડી રહી હતી. ડોક્ટરો, નર્સો, હોસ્પિટલના સ્ટાફ અને એટેન્ડન્ટ્સ પોતાનો જીવ બચાવવા માટે અહીં-ત્યાં દોડવા લાગ્યા.

માહિતી નિયામક શિશિર સિંહે જણાવ્યું હતું કે મુખ્યમંત્રી યોગીએ લોકબંધુ હોસ્પિટલમાં આગ લાગવાની ઘટનાની નોંધ લીધી હતી અને અધિકારીઓ પાસેથી ફોન પર પર ઘટનાની સંપૂર્ણ માહિતી મેળવી હતી. ઉચ્ચ અધિકારીઓ ઘટના સ્થળે પહોંચી ગયા હતાં.

શેરબજાર

બપોરે ૨-૦૦ વાગ્યે

	NSE	BSE
ઈન્ડેક્ષ	૨૩૩૨૨	૩૬૭૬૪
રિલાયન્સ	૧૨૪૧	૧૨૪૨
એસબીઆઈ	૩૬૪	૩૬૫
ટીસ્કો	૧૩૫	૧૩૬
ઓએનજીસી	૨૩૨	૨૩૩
એસીસી	૨૦૩૪	૨૦૩૫
ટેલ્કો	૬૧૯	૬૨૦
ઈન્ફોસીસ	૧૪૨૨	૧૪૨૩
ગ્રી ટીવી	૧૦૬	૧૦૭
ટીસીએસ	૩૨૪૭	૩૨૪૮
એલ એન્ડ ટી	૩૨૫૩	૩૨૫૪
મારૂતી	૧૧૬૦૪	૧૧૬૦૫
એક્સીસ બેંક	૧૧૧૧	૧૧૧૨
બેંક નિફ્ટી	૫૨૩૬૧	૫૨૩૬૩

સૌજન્ય: ઉમેશ વોરા - મારૂતિ ઈન્વેસ્ટમેન્ટ

ફાયરબ્રિગેડે આગ કાબૂમાં લીધી:

નવાગામ ઘેડમાં દુકાનમાં મોડીરાત્રે ભભૂકી ઉઠી આગ

જામનગર તા.૧૫ : જામનગરના નવાગામ ઘેડમાં આવેલી નાસ્તાની એક દુકાનમાં ગઈરાત્રે કોઈ રીતે આગ ભભૂકી હતી. દોડી ગયેલી ફાયરબ્રિગેડની ટીમે પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લીધી હતી.

જામનગરના નવાગામ ઘેડ વિસ્તારમાં આવેલી એ-વન નાસ્તા હાઉસ નામની દુકાનમાં ગઈરાત્રે કોઈ કારણથી આગ ભભૂકી હતી. જેના પગલે નાસભાગ મચી ગઈ હતી.

આગ લાગ્યાની જાણ થતાં ફાયરબ્રિગેડની ટીમ ધસી આવી હતી. આ વિસ્તારનો વીજ પુરવઠો અટકાવી આગ બુઝાવવાની કાર્યવાહી કરવામાં આવી હતી.

ચાલક સહિતનાનો બચાવ:

ધ્રોલના વાંકીયા પાસે કારમાં આગ લાગતા ભસ્મીભૂત

જામનગર તા.૧૫ : જામનગર-રાજકોટ માર્ગ પર ધ્રોલ પાસે વાંકીયા ગામ પાસે એક મોટરમાં કોઈ કારણથી આગ ભભૂકી ઉઠી હતી.

જામનગર-રાજકોટ માર્ગ પર આવેલા ધ્રોલ નજીકના વાંકીયા ગામ પાસેથી પસાર થતી એક મોટર અચાનક આગની લપેટમાં આવી ગઈ હતી. તેના ચાલકે સમયસર મોટર ઉભી રાખી દીધી હતી.

તેમાંથી ઉતરેલા સાત વ્યક્તિનો બચાવ થયો છે. જોતજોતામાં કાર સળગીને ભસ્મીભૂત થઈ ગઈ હતી.

જામનગરની ગાયત્રી શક્તિપીઠમાં ચૈત્રી અનુષ્ઠાનની પૂર્ણાહુતિ

જામનગર તા. ૧૫: જામનગરની ગાયત્રી શક્તિપીઠમાં ચૈત્રી નવરાત્રિ નિમિત્તે તા. ૩૦-૩ થી ૬-૪-૨૦૨૫ સુધી ચૈત્રી અનુષ્ઠાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેની પૂર્ણાહુતિ પ્રસંગે નવકુંડી સામૂહિક હવન યોજાયો હતો. આ સાથે બપોરે રામ જન્મોત્સવ ઉજવવામાં આવ્યો હતો. સંકલ્પ વિધિ તથા હવનનું સંચાલન જ્યોત્સનાબેન મહેતા અને દીપાબહેન મોડીયાએ કર્યું હતું.

અર્ક સંસ્કાર અને સ્વભાવ લોહીમાં હોય એને કોઈ વિદ્યાલય કે મહાવિદ્યાલય શીખવી ન શકે...!!

શબ્દવ્યૂહ ૭૧૩૯

આડી ચાવી

૧. સારું, રચનાત્મક કામ -(૩
૨. સુરભિ, સુરભી, સુવાસિત----------(૩
૬. અવ્યવસ્થિત રીતે જ્યાં-ત્યાં દોડવું તે---------(૪
૮. શાસ્ત્રીય સંગીતના સાત મૂળ સ્વરોમાંનો છઠ્ઠો---(૩
૧૨.અંગ, શરીરનો ભાગ --(૨
૧૩.પ્રદર્શક, બતાવનાર ---(૪
૧૫.ગરમ પવનનો સપાટો--(૧
૧૭.પ્રતિમા, બાવલું, પૂતળું--(૨
૧૮.વકી, શક્યતા -------(૩
૨૦.ભાગ્યે, કવચિત્------(૩
૨૨.ભયંકર ધમાલ-------(૪
૨૩.યદી----------(૧

ઊભી ચાવી

૧. મિલન-સમારંભ, સંમેલન -(૨
૩. ગોબરૂં ----------(૨
૪. સ્વચ્છ, ચોખ્ખું, પવિત્ર--(૩
૫. દરજ્જો, મરતબો -----(૨
૭. ચામડી પર ગરમ બે બળતી વસ્તુ ડામવાથી પડતાં ચાઠું ----------(૨
૯. અરણ્ય, જંગલ ------(૨
૧૦.માવજત, સાચવણી----(૩
૧૧.બતાવનારું, દેખાડનારું (૩
૧૪.દરખાસ્ત, નમ્રતાપૂર્વકની અરજી ----------(૩
૧૬.આપવું તે ----------(૩
૧૯.રાખ, ભભૂત ---------(૨
૨૧.એક પ્રકારનું અનાજ --(૨

આડી ચાવી: (૧) સપ્રેમ (૩) શ્રીફળ (૫) જો (૯) તમામ (૧૦) કેફ (૧૧) તોલ (૧૨) ઝાડું (૧૪) અરજ (૧૫) દૃષ્ટિપાત (૧૭) નણંદ (૧૯) કૂદકી (૨૦) નપાણિયું

ઊભી ચાવી: (૨) પ્રેમ (૪) ફસામણ (૬) બાતલ (૭) ઠેકેદાર (૮) ફળઝાડ (૧૩) કપાળ (૧૬) સદર (૧૭) નળિયું (૧૮) દશાંશ

ઉકેલ કોયડા નં. ૭૧૩૮

આપની આવતીકાલ

જ્યોતિષી: ઋષિ બહુકભાઈ શાસ્ત્રી, મો. ૯૮૯૮૦ ૬૦૮૮૭

મેષ (૨૧-૩-૧૯) — શુભ રંગ: લીલો — શુભ અંક: ૬-૮
મોસાળપક્ષ-સાસરીપક્ષના કામમાં આપે વ્યસ્ત રહેવાનું બને. આકસ્મિક ખર્ચ-ખરીદીના લીધે નાણાભીડ જણાય.

વૃષભ (૨૦-૪-૧૯) — શુભ રંગ: મોસ્પીચ — શુભ અંક: ૨-૭
આપના કાર્યની સાથે જાહેર ક્ષેત્રના કામમાં આપે વ્યસ્ત રહેવાનું બને. ધર્મકાર્ય-શુભકાર્ય થઈ શકે.

મિથુન (૨૧-૫-૧૯) — શુભ રંગ: બ્રાઉન — શુભ અંક: ૩-૯
દિવસ દરમિયાન બેચેની-વ્યગ્રતા અનુભવાય. કૌટુંબિક પ્રશ્ને ચિંતા રહે. ખર્ચ-ખરીદી જણાય.

કર્ક (૨૨-૬-૧૯) — શુભ રંગ: સફેદ — શુભ અંક: ૫-૮
આપના અગત્યના કામ અંગેની મિલન-મુલાકાતમાં સાનુકૂળતા મળી રહે. ધર્મકાર્ય-શુભકાર્ય થવાથી આનંદ રહે.

સિંહ (૨૩-૭-૧૯) — શુભ રંગ: લાલ — શુભ અંક: ૩-૬
આપના કાર્યની સાથે ઘર-પરિવાર, સગા-સંબંધી, મિત્રવર્ગના કામમાં વ્યસ્ત રહેવાનું બને. ખર્ચ જણાય.

કન્યા (૨૪-૮-૧૯) — શુભ રંગ: મરૂન — શુભ અંક: ૨-૭
આપના કામની કદર-પ્રસંશા થવાથી કામ કરવાનો ઉત્સાહ વધે. પુત્ર-પૌત્રાદિકના પ્રશ્ને પરેશાની ઓછા થાય.

તુલા (૨૪-૯-૧૯) — શુભ રંગ: કેસરી — શુભ અંક: ૧-૬
દિવસ દરમિયાન આપે વિવાદ, ગેરસમજ, મનદુ:ખથી સંભાળવું પડે. તબિયતની અસ્વસ્થતા જણાય.

વૃશ્ચિક (૨૩-૧૦-૧૯) — શુભ રંગ: ગ્રે — શુભ અંક: ૩-૪
આપના મહત્વના કામનો ઉકેલ આવવાથી રાહત જણાય. અગત્યના નિર્ણય લેતા પહેલા વિચાર કરી લેવો.

ધન (૨૨-૧૧-૧૯) — શુભ રંગ: બ્લુ — શુભ અંક: ૫-૩
આપના કાર્યની સાથે પારિવારિક કામકાજમાં વ્યસ્ત રહેવાનું બને. ધર્મકાર્ય-શુભકાર્યમાં ખર્ચ થાય.

મકર (૨૩-૧૨-૧૯) — શુભ રંગ: મેઘી — શુભ અંક: ૨-૬
આપના કાર્યની સાથે આડોશ-પાડોશના કામમાં વ્યસ્તતા રહે. નોકરી-ધંધાના કામકાજ અર્થે બહારગામ જવાનું થાય.

કુંભ (૨૦-૧-૨૦) — શુભ રંગ: ગુલાબી — શુભ અંક: ૩-૭
આપ હરો-ફરો-કામકાજ કરો, પરંતુ આપના હૃદય-મનને શાંતિ-રાહત જણાય નહીં. આરોગ્યની કાળજી રાખવી.

મીન (૧૯-૨-૨૦) — શુભ રંગ: પીળો — શુભ અંક: ૮-૪
પુત્ર-પૌત્રાદિકના પ્રશ્ને આપને ચિંતા જણાય. મહત્વના નિર્ણય લેવામાં ઉતાવળ કરવી નહીં. ખર્ચ-ખરીદી થાય.

આવતીકાલનું પંચાગ

સૂર્યોદય : ૬-૨૮ સૂર્યાસ્ત : ૬-૦૭

દિવસના ચોઘડીયા
(૧) લાભ (૨) અમૃત (૩) કાળ (૪) શુભ (૫) રોગ (૬) ઉદ્વેગ (૭) ચલ (૮) લાભ

રાત્રિના ચોઘડીયા
(૧) ઉદ્વેગ (૨) શુભ (૩) અમૃત (૪) ચલ (૫) રોગ (૬) કાળ (૭) લાભ (૮) ઉદ્વેગ

વિક્રમ સંવત: ૨૦૮૧, ચૈત્ર વદ-૩ : તા. ૧૬-૦૪-૨૦૨૫, બુધવાર, જૈન સંવત: ૨૫૫૧, શાલિવાહન: ૧૯૪૬, યુગાબ્દ : ૫૧૨૬, પારસી રોજ : ૫, મુસ્લિમ રોજ: ૧૬, નક્ષત્ર: અનુરાધા, યોગ: વ્યતિપાત, કરણ: બવ

જન્મેલાનું વર્ષફળ

તા. ૧૬ - એપ્રિલના દિવસે

આ સમયમાં આરોગ્ય નરમ-ગરમ રહેવા પામે. જૂની કે વારસાગત બીમારીમાં બેદરકારી રાખવી નહીં. નોકરી-ધંધામાં કેટલાક કામનો સરળતાથી ઉકેલ આવે, તો કેટલક કામમાં આપને રૂકાવટ - મુશ્કેલીનો અનુભવ થાય. કૌટુંબિક-પારિવારિક પ્રશ્નો ઉકેલાતા રાહત જણાય. યાત્રા-પ્રવાસનું આયોજન શક્ય બની રહે. ખર્ચ-વ્યય થાય.

બાળકની રાશિ: વૃશ્ચિક